Saarth E-Journal

Saarth

E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com

www.sarthejournal.com

ISSN NO: 2395-339X

Impact Factor: 6.89

Peer Reviewed

Quarterly

Vol.7, Issue.3 No.11

July to Sept. - 2022

# ભવભૂતિના ‘ઉત્તરરામચરિત’ માં દામ્પત્યભાવના

* Dr. Paresh G. Parekh

ભવભૂતિનું ઉત્તરરામચરિત નાટક વિવિધ દૃષ્ટિકોણથી ઘણું જ મહત્ત્વ ધરાવે છે. રામના રાજ્યાભિષેક પછી સીતાના પરિત્યાગથી આરંભાતું અને અંતે રામ અને સીતાના પુનર્મિલનમાં પરિણમતું આ એક સપ્તાંકી નાટક છે. ભવભૂતિનું પ્રેમ વિશેનું ચિંતન કંઈક ગહન છે એવું એમની કૃતિઓ ઉપરથી પ્રતીત થયા વિના રહેતું નથી.

ઉત્તરરામચરિત નાટકના આરંભમાં ચિત્રદર્શન નામના પ્રથમ અંકમાં જ કવિએ દામ્પત્યભાવનાનું સુમધુર નિરૂપણ કર્યું છે. ચિત્રદર્શન પ્રસંગે રામને સીતા સાથે પસાર કરેલા વનવાસ દરમિયાનના સંઘર્ષપૂર્ણ અને પ્રેમથી ભરપૂર દિવસો યાદ આવે છે.

ISSN: 2395-339X
Volume: 7 Issue: 3 July To Sept. 2022

(***Dr. Paresh G. Parekh**, Assistant Professor, Department of Sanskrit, Smt. C. R. Gardi Arts College, Munpur (Mahisagar))

આ પ્રસંગથી રામના ઉત્તરજીવનની સાથે પૂર્વજીવનને પણ કવિએ જોડી આપ્યું છે. અહીયા ભાવકો રામ અને સીતાની પરસ્પર માટેની અતૂટ એવી લાગણીને અનુભવી શકે એવી ભવભૂતિની યોજના હોય એવું જણાય છે. એકબાજુ રામનો હમણાં જ રાજ્યાભિષેક થયો છે અને બીજીબાજુ વસિષ્ઠ વગેરે બધાં જ વડીલો જમાઈ ઋષ્યશૃંગના દ્વાદશવાર્ષિક સત્રમાં હાજરી આપવા માટે ગયા છે. તેથી આ પરિસ્થિતિમાં રામને રાજયના વહીવટ માટેના નિર્ણયો લેવા માટે સલાહ સૂચન આપવાવાળી કોઈ વરિષ્ઠ વ્યક્તિ ઉપસ્થિત નથી. જમાઈના યજ્ઞમાં પહોંચતાની સાથે જ અષ્ટાવક્ર મારફતે ભગવતી અરુન્ધતી અને શાન્તાએ સીતા સગર્ભા હોવાથી રામને સંદેશો મોકલતાં જણાવ્યું છે કે સીતાના મનમાં જે કંઈ દોહદ થાય તેને ત્વરિત જ પૂર્ણ કરવો, તો બીજી બાજું વસિષ્ઠે પણ રામને સંદેશો મોકલતાં કહ્યું છે કે-

जामातृयज्ञेन वयं निरुद्धास्त्वं बाल एवासि नवं च राज्यम् ।

युक्तः प्रजानामनुरंजने स्यास्तस्माद्यशो यत्परमं धनं वः ॥

અર્થાત્ - "અમે જમાઈના યજ્ઞમાં રોકાયા છીએ, તું હજી બાળક જ છે અને નવું રાજય છે. પ્રજાને આનંદ આપવામાં તત્પર રહેજે, તેનાથી જે યશ પ્રાપ્ત થશે એ જ તમારું સાચું ધન છે. '

આ બંને સંદેશાઓનો સૂક્ષ્મ દૃષ્ટિએ અભ્યાસ કરીએ તો એકબાજું રામને સીતાનુરંજન કરવાનું છે તો બીજીબાજુ પ્રજાનુરંજન પણ કરવાની ફરજ છે. વસિષ્ઠે આપેલો પ્રજાનુરંજનનો આદેશ સાંભળીને રામ બોલી ઊઠે છે કે-

ISSN: 2395-339X
Volume: 7 Issue: 3 July To Sept. 2022

स्नेहं दयां च सौख्यं च यदि वा जानकीमपि ।

आराधनाय लोकस्य मुञ्चतो नास्ति मे व्यथा ।।

અર્થાત્ - પ્રજાની આરાધના માટે સ્નેહ, દયા અને સુખ કે પછી જાનકીને છોડતાં પણ મને વ્યથા થશે નહિ.

ઉપરોક્ત શ્લોકમાં રામ પોતે જેનો ત્યાગ ખૂબ જ કઠીનાઈથી કરી શકે એવી બાબતોને ચઢતા ક્રમમાં ગોઠવતાં સીતાને છેક છેલ્લે મૂકે છે અને એ રીતે સીતા એમના માટે કેટલું મહત્ત્વ ધરાવે છે એ આપણે સમજી શકીએ છીએ. જો સીધે સીધો વાચ્યાર્થ લઈએ તો 'સીતાનો પણ ત્યાગ કરતાં મને વ્યથા થશે નહિ' એમ કહેનાર રામ સીતાના ત્યાગ પછી સતત વ્યથિત રહ્યા છે. તેથી તેમના આ શબ્દો વસિષ્ઠનો સંદેશો સાંભળીને માત્ર આવેશમાં આવીને બોલાયેલા છે, નહિ કે સીતા પ્રત્યેની તેમની લાગણીના અભાવમાં એ નિશ્ચિત છે.

આદર્શ દંપતી કેવું હોવું જોઇએ ? તો તેના માટે રામ અને સીતાની દામ્પત્યભાવના આજે પણ દામ્પત્યસુખને ઝંખતા સૌ કોઈ માટે એટલી જ પ્રેરણારૂપ બની રહે છે. પ્રથમ અંકમાં રામ જણાવે છે કે -

किमपि किमपि मन्दं मन्दमासत्तियोगाद् अविरलितकपोल जल्पतोरक्रमेण ।

अशिथिलपरिसम्भव्यापृतैकैदोष्णोरविदितगतयामा रात्रिरेव व्यरंसीत् ॥

અર્થાત્ - આસક્તિને લીધે આપણે ગાલ ઉપર ગાલ ટેકવીને ધીમે ધીમે કંઈક બબડતાં હતાં, આપણા

ISSN: 2395-339X
Volume: 7 Issue: 3 July To Sept. 2022

એક એક હાથ ગાઢ આલિંગનમાં ભીડાયેલા હતા, ત્યારે જેના પ્રહરો કેમ કરી વીતી ગયા તે જણાયું નહિ એવી રાત્રી જ વીતી ગઈ.

આ પ્રસંગે બન્ને એકબીજામાં એટલા ઓતપ્રોત થઈ ગયા હતાં કે આખે આખી રાત્રી વીતી ગઈ પણ એમની એકબીજા માટેની ચાહના એવી ને એવી અખૂટ રહે છે. ભવભૂતિને મતે સ્નેહનું કોઈ કારણ હોતું નથી. કવિ પ્રેમની સાત્વિક બાજુ જ વધારે પસંદ કરે છે. પ્રસ્તુત નાટકમાં કવિએ પ્રેમનો તલસાટ ચિતર્યો નથી. પાર્થિવ તત્ત્વને પણ ભવભૂતિએ એવી રીતે નિરૂપ્યું છે કે જેથી તેનો હેતુ ઉદાત્ત જણાય. સીતા એ રામને મન માત્ર પત્ની જ નથી. તેથી જ તો રામ કહે છે કે -

इयं गेहे लक्ष्मीरियममृतवर्तिर्नयनयो–रसावस्याः स्पर्शो वपुषि बहुलचन्दनरसः ।

अयं कण्ठे बाहुः शिशिरमसृणो मौक्तिकसरः किमस्या न प्रेयो यदि परमसह्यस्तु विरहः ।।

અર્થાત્ – "આ મારા ઘરની લક્ષ્મી છે, નયનની અમૃતશલાકા છે, તેનો સ્પર્શ ચંદનના રસ જેવો છે, ગળામાં રહેલો તેનો હાથ મોતીની માળા જેવો છે, એનું શું પ્રિય નથી ? સિવાય કે એકમાત્ર તેનો વિરહ." અહીંયા પણ કવિએ રામના મનમાં સીતાનું સ્થાન શું છે ? તેની ઝાંખી કરાવી છે. સીતાને પોતાના ઘરની લક્ષ્મી તરીકે પ્રતિષ્ઠિત કરી છે. કવિએ પ્રેમ વિશેની ભાવનાનું ભારતીય સાહિત્યમાં જે સામાન્ય દેખાય છે તેના કરતાં વધારે ઉમદા નિરૂપણ કર્યું છે. પતિ અને પત્નીની એકબીજા માટેની લાગણી કેવી હોવી જોઈએ ? તેના તરફ ઈશારો કરતાં ભવભૂતિ કહે છે કે - "જે સુખ અને દુ:ખમાં સાથે રહે છે, બધી જ અવસ્થામાં હૃદયનો જે વિસામો છે, વૃદ્ધાવસ્થાથી જેનો રસ ઓછો થતો નથી, જે સ્નેહરૂપી સાગરમાં સ્થિર રહે છે તેવું કલ્યાણકારી સ્વજન ભાગ્યથી કોઈકને જ પ્રાપ્ત થાય છે."

ISSN: 2395-339X
Volume: 7 Issue: 3 July To Sept. 2022

ઉત્તરરામચરિત નાટકમાં ભવભૂતિએ શોકની પાવનકારી અસર નીચેના દામ્પત્યપ્રેમને આદર્શ બનાવવા પ્રયત્ન કર્યો છે. સીતાત્યાગ પછી રામ કહે છે કે – "રામનું જીવવાનું પ્રયોજન હવે પૂર્ણ થઈ ગયું, જગત અરણ્ય જેવું શૂન્ય બની ગયું, સંસાર સાર વિનાનો થયો, શરીર કષ્ટદાયક બન્યું, હું અશરણ છું." સીતા વિનાનું પોતાનું જીવન કેવું નિરર્થક છે એ રામના વચનો ઉપરથી જણાય છે. રામ સીતાને અનહદ ચાહે છે પણ પોતાના કુલધર્મને કારણે સીતાનો સ્થૂળ ત્યાગ કરે છે સીતાનો સૂક્ષ્મ ત્યાગ તો થયો જ નથી, કારણ કે આંતરચેતનાથી સીતા સાથેનો રામનો નાતો અતૂટ જ છે, એવું રામના ઉપર્યુક્ત વચનોથી સ્પષ્ટ થાય છે. રામને મન સીતા પ્રત્યેક રીતે પ્રિય છે, પણ તેનો વિરહ તેમનાથી સહન કરી શકાય તેમ નથી. આ પ્રેમને વિશુદ્ધ કરવાની જરૂર રહેતી નથી. વળી એ પ્રેમદર્શન પણ બાર વર્ષના વનવાસ દરમિયાનના વિયોગ પછીનું છે. આ દર્શન શોકથી વિશુદ્ધ થયેલું છે અને છતાં એકબીજા તરફ પ્રેમનો ઉમળકો જરાય ઓછો નથી. રામ પોતાની જાતને ધિકકારે છે, અંતરમાં એ બળી રહ્યા હોય છે, તેઓ પોતાને કર્મચંડાલ ગણે છે. કારણ કે તેમને સીતાનો ત્યાગ કરવો પડયો છે. આ નાટકમાં રામનો જ સીતા માટેનો પ્રેમ છે એવું નથી પણ સીતા પણ રામ માટે એટલી જ લાગણી ધરાવે છે, એ યાદ રાખવું જોઈએ. રામને દેખીને સીતા કહે છે કે - "જાણે ત્રણે લોકનું જીવન પાછું આવ્યું."

સીતાના મનમાં પણ રામનું સ્થાન શું છે, તે અહીંયા સમજી શકાય છે. ત્રણેય લોકના જીવનના આધાર તરીકે સીતા રામને પ્રતિષ્ઠિત કરે છે. સીતા જણાવે છે કે સંપૂર્ણ જીવલોકના મંગલના આધાર એવા તમારે મંદભાગી એવી મારે લીધે વારંવાર જીવનને સંશયમાં નાખી દે એવી દારુણ દશા આવી જાય છે. અરે ! મને ધિક્કાર છે અને આમ કહેતાની સાથે જ તે પણ મૂર્છા પામે છે. એમ કહેનાર રામ માટે સીતા પોતાનું જીવન સર્વસ્વ છે. બાર-બાર વર્ષે પણ સીતા પ્રત્યેનો

ISSN: 2395-339X
Volume: 7 Issue: 3 July To Sept. 2022

એમનો પ્રેમ ઉત્તરોત્તર વિશેષ ને વિશેષ દૃઢ બનતો જાય છે. સીતાનું હૃદય પણ રામ માટે ખૂબ જ મોકળું છે. જયારે રામની વિરહવ્યથા ઉત્તરોત્તર પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે સીતા રામને જોઈને ગદ્ગદિત થઈ જાય છે. સીતાને હવે પોતાના ત્યાગનું નહિ પણ પોતે રામને આ રીતે દુઃખદાયી બની રહી તેની જ વેદના થાય છે. સીતાની સુવર્ણપ્રતિમા સ્થાપીને રામ અશ્વમેધ યજ્ઞ કરે છે તે જાણ્યા પછી તો એના મનનો ડંખ સદંતર દૂર થઈ જાય છે. રામે સીતાનો તનથી ત્યાગ કર્યો છે, મનથી નહિ રાજાનો ધર્મ નીભાવવા માટે ત્યાગ કર્યો છે, પતિધર્મથી નહિ.

ઉત્તરરામચરિત નાટકમાંથી પ્રગટ થતી દામ્પત્યભાવના આજના દરેક દંપતી માટે પણ એટલી જ પ્રસ્તુત છે. પતિ-પત્ની વચ્ચેના સંબંધો ઉચ્ચ કોટિના અને ભાવનાત્મક હોવા જોઈએ. દામ્પત્યપ્રેમ વિશેની ભવભૂતિની વિચારધારાને દરેક દંપતીએ આજે આદર્શ તરીકે સ્વીકારવાની જરૂર છે. રામ અને સીતાના જીવનમાં ડગલે ને પગલે આવતા સંઘર્ષને અંતે પણ બંનેની એકરૂપતામાં કોઈ જ દ્વૈત થતો નથી અને પ્રેમમાં કોઈપણ પ્રકારની ઓછપ આવતી નથી. ઉલટાનું તે વિશેષ પ્રકારે પરિપક્વ બનતો જાય છે. જીવનમાં આવતા સંઘર્ષોની વચ્ચે પણ પતિ અને પત્નીએ કેવી રીતે જીવવું જોઈએ તે ઉત્તરરામચરિતમાંથી બોધ લેવા જેવો છે. દંપતીની એકબીજા માટેની સમર્પણ ભાવના અને સમજશક્તિ કેવી હોવી જોઈએ ? એના પ્રત્યુત્તરરૂપે રામ અને સીતાનો પ્રેમ યુગો સુધી અનંતકાળ સુધી ઉદાહરણરૂપ બની રહેશે.

**સંદર્ભગ્રંથ** :

1. भवभूति की नाट्यकला, डॉ. शांति स्वरूप गुप्त, नेशनल पब्लिशिंग हाउस, दिल्ली, 1974
2. उत्तररामचरितम्, डॉ. श्री कृष्णदेव पांडेय, चौखम्बा सुरभारती प्रकाशन, वर्ष–2015
3. उत्तररामचरितम् – एक अध्ययन, डॉ. त्रिभुवन मिश्र, मोतीलाल बनारसीदास, दिल्ली, 2002

ISSN: 2395-339X
Volume: 7 Issue: 3 July To Sept. 2022

4. भवभूति और उनका नाट्यशिल्प, डॉ. कपिलदेव द्विवेदी, विश्व विद्यालय प्रकाशन, वाराणसी
5. ભવભૂતિ : એક અધ્યયન, શિલાકાન્ત શાસ્ત્રી, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૯૫
6. ઉત્તરરામચરિત (અનુવાદ અને વિવેચન), મણિલાલ નભુભાઈ દ્વિવેદી, ગુજરાતી સાહિત્ય પરિષદ